શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા ગુચ્છ ૨ જું, પુષ્પ ૪

શ્રી ગોડીજી તીર્થ સંસ્થાપક—

# મિઠડીયા મેઘા શાહ

: લેખક :

"પાર્શ્વ"

કીંમત : ૦-૫૦ પૈસા

# પ્રકાશકીય નિવેદન

અંચલગચ્છ-વાંચનમાળાનાં દ્વિતીય ગુચ્છનું આ ચોથું પુષ્પ વાંચકો સમક્ષ રજૂ કરતાં ઘણો જ આનંદ થાય છે. છેલ્લાં ચારેક વર્ષથી આવી વાંચનમાળાનો વિચાર મનમાં ઘુંટાયા કરતો હતો. પ્રકાશનની રૂપરેખા તો નક્કી જ હતી. પરંતુ ગચ્છની અન્ય એક સંસ્થા આવી શ્રેણીનું પ્રકાશન હાથ ધરે છે એવું જાણવા મળતાં અમે અમારો વિચાર મોકુફ રાખેલો. પરંતુ તેનું કશું નક્કર પરિણામ ન આવતાં અંતે અમે જ આ કાર્ય સ્વેચ્છાએ ઉપાડી લીધું.

બાળકો ઇતર વાંચન દ્વારા જ્ઞાન સાથે ગમ્મત માણી શકે, એમની કુતૂહલવૃત્તિ ખીલે, એમના સંસ્કારો ફૂલેફાલે અને તેઓ ધર્મ ભાવનાથી અધિક રંગાય એવો આ વાંચનમાળાનો હેતુ છે. અમારો આશય સફળ થયો છે કે કેમ તેનો નિર્ણય વાંચકો ઉપર જ છોડીએ છીએ.

હાલ પુરતું તો પટ્ટધરો અને શ્રેષ્ઠીવર્યોના જીવનવૃત્તોને આધારિત બાર બાર પુષ્પોના બે ગુચ્છોની જ યોજના છે, જેની નામાવલી છેલ્લા જેકેટમાં દર્શાવી છે. એ ચોવીસે પુસ્તિકાઓના દ્રવ્ય સહાયકો પણ નક્કી થઈ ગયા છે અને જો એવો જ ઉત્સાહ રહેશે તો તીર્થદર્શન, ગ્રન્થપરિચય આદિ વિવિધ વિષયોને આવરી લેતા અન્ય ગુચ્છો પણ કદાચ અસ્તિત્વમાં આવે

આ પુસ્તિકાના પ્રકાશન માટે અમારી સંસ્થાને—
શ્રી મેઘજી કાનજી ભેદા મુંબઈવાલા તરફથી
દ્રવ્યસહાય મળી છે તે માટે અમે તેમના ઘણાજ આભારી છીએ

પાલિતાણા — કરમશી ખેતશી ઓના

તા. ૨૫-૪-૧૯૭૪.

# શ્રી ગોડીજીતીર્થ-સંસ્થાપક
# મિઠડીઆ મેઘા શાહ

"થરના ઠાકુર ભેટ્યા, ભેટ્યા, ભેટ્યા રે!" નો આનંદભર્યો નાદ અર્ધ સહસ્રાબ્દી પહેલાં સિંધ અંતર્ગત થરપારકરના પ્રદેશમાં ગુંજાયમાન થયેલો. આ નાદના પ્રેરણાસ્રોત હતા શ્રી ગોડીજીતીર્થ-નાયક ભગવાન શ્રી પાર્શ્વનાથ—જેમને યાત્રિકો થરના ઠાકુર તરીકે સંબોધતા. ભક્તિભાવથી તરબોળ થયેલા ભાવુકો એ તીર્થની યાત્રાથી પાવન થઈને ઉપર્યુક્ત સમૂહ-નારો લહેરાવતા અને આનંદ વિભોર થઈને નાચતા-કૂદતા. એ યુગમાં થરના ઠાકુર પ્રત્યેની ભક્તિ ઓર હતી, એ તીર્થનો મહિમા ઓર હતો, શ્રી ગોડીજીના ચમત્કારોની મોહિની પણ ઓર હતી. એ ભક્તિ-યુગની તવારીખ અનોખી ભાત પાડે છે. એના નાયક છે મિઠડીઆ શ્રેષ્ઠી મેઘા શાહ-જેમણે એ પ્રભાવક તીર્થનો સૂત્રપાત કર્યો.

મેઘા શાહ ઓસવાળ જ્ઞાતીય, મિઠડીઆ ગોત્રીય, વહોરા શાખીય હતા. મૂળ તેઓ નગરપારકરના, પરંતુ વ્યાપારાર્થે એમના પિતા ખેતા શાહ અને માતા ખેતલદે પાટણમાં આવીને વસેલા. એ જમાનામાં પાટણ પશ્ચિમ ભારતનું સમૃદ્ધ નગર હોઈને અનેક સ્થાનોના લોકો ત્યાં આવીને વસેલા પ્રમાણ-ગ્રન્થો અનુસાર વિ. સં. ૧૪૩૨ માં મેઘા શાહ પાટણમાં વ્યાપારાર્થે રહ્યા હતા. એમની પુખ્ત ઉંમરની ગણતરી કરતાં તેઓ વિક્રમના પંદરમા સૈકાના પ્રારંભમાં જન્મ્યા હશે એમ અનુમાન કરી શકાય છે. એમને ભોજા અને ઉદય નામે બે મોટા ભાઈઓ હતા.[1]

ભટ્ટગ્રન્થોમાં ઉલ્લેખ છે કે વિ. સં. ૧૩૯૮ માં ખેતા-શાહ પારકર અંતરર્ગત ભૂદેશ્વર નગરમાં વસતો હતો. તેની પત્નીનું નામ નોડી હતું. તેમણે પોતાના પુત્ર મેઘા શાહને એ નગરના વડેરા ગોત્રીય શ્રેષ્ઠી સાજણુ આલ્હાની પુત્રી મરઘા સાથે પરણાવ્યો હતો. સાજણ શાહને કાજલ, ઉજલ અને સામલ નામે ત્રણ પુત્રો હતા. કાજલ શાહ ઘણો ધનવાન હતો. મેઘા શાહ એમની પાસે જ નોકરીમાં રહેલા.

એ અરસામાં પારકરમાં રાણો ખેંગાર રાજ્ય કરતો હતો. મહમદ બેગડાએ વિક્રમના ૧૬ મા શતકમાં સિંધમાં ત્રણ વાર સવારી કરી અને અસંખ્ય લોકોને વટલાવ્યા એ પહે-લાંની શતાબ્દીનું ત્યાંનું રાજકીય ચિત્ર જુદું જ હતું. સમા-વંશના રાજપૂતોનું સિંધમાં રાજ્યશાસન હતું. સુમરા અને સોઢાઓનું પણ ત્યાં ઘણું વર્ચસ્વ હતું. સિંધમાં હિન્દુસત્તા નષ્ટ થઈ એ પહેલાં પારકર–પ્રદેશમાં ઓસવાળવંશીય જૈનોનો મોટો સમૂહ વસતો હતો. ઓસવાળોની વિશાળ સંખ્યાને લીધે જૈન યતિઓ ત્યાંના રાજ્યકર્તાઓ પર સારું વર્ચસ્વ ધરાવતા હતા. કેટલાંક રાજ્યોમાં મંત્રીઓ અને અધિકારીઓ તરીકે પણ જૈનો નિયુક્ત થયેલા.

ઓસવાળો મૂળ તો રાજપૂત ક્ષત્રિયો હતા. જૈનાચાર્યોએ તેમને પ્રતિબોધીને ઓસવાળવંશનું સ્થાપન કર્યું. ઓસ-વાળોનું મૂળ ઉત્પત્તિ–સ્થાન મારવાડ અંતર્ગત ઓસનગર, જ્યાં સૌ પહેલાં ઓસવાળ–સૃષ્ટિનો આવિર્ભાવ થયો. ભગવાન શ્રી પાર્શ્વનાથની શ્રમણ–પરંપરાના છઠ્ઠા પટ્ટધર આચાર્ય રત્નપ્રભસૂરિના ઉપદેશથી ત્યાં લાખો ક્ષત્રિયોએ જૈનધર્મ અંગીકાર કરેલો. એ પછી પણ ઓસવાળ–સૃષ્ટિ વિસ્તૃત થતી જ રહી. સિસોદિયા, પરમાર, ચૌહાણ, સોલંકી, રાઠોડ, ભટ્ટી, ચાવડા, પડિહાર, કછાવા, ગૌડ વગેરે વંશના રાજન્ય કુળના

ક્ષત્રિયોએ જૈનધર્મ અંગીકાર કરીને ઓસવાળ–વંશમાં પ્રવેશ મેળવ્યો હતો એ પછી પણ આ પ્રક્રિયા વિક્રમની ૧૫ મી શતાબ્દી સુધી ઠેઠ ચાલતી રહી.

આ રીતે ઓસવાળોની આદિ ભૂમિ મરુભૂમિ બની. ઓસવાળોની સંખ્યા વધતાં મારવાડના નિકટવર્તિ પ્રદેશમાં પણ ઓસવાળો ફેલાયા. જૈનધર્માનુયાયી ક્ષત્રિયોનો ઓસ, પારકર, પાલી ઉપરાંત સાંચોર, જાલોર, જેસલમેર, ઈડર, જોધપુર, ગોલવાડ, થલી, મેવાડ ઈત્યાદિમાં પ્રભાવ વધતો ચાલ્યો. પારકર–પ્રદેશમાં તેમનું બાહુલ્ય સવિશેષ હતું. પારકરમાંથી તેઓ સિંધમાં મોટી સંખ્યામાં પ્રવેશ્યા. આ હિલચાલનું નોંધનીય પરિણામ એ આવ્યું કે પારકર એ પછી સિંધનો પ્રદેશ ગણાવા લાગ્યો. એ પહેલાં તે મારવાડનો પશ્ચિમ વિભાગ ગણાતો હતો.

વિક્રમના ૧૫ માં સૈકામાં પારકર ઘણો ગીચ વસ્તીવાળો પ્રદેશ ગણાતો હતો. આજે તો પરિસ્થિતિ જુદી જ છે, ભારતના નકશામાંથી પણ તે નીકળી ગયું છે. પરંતુ એ કાળે ઓસવાળ જૈનોના વર્ચસ્વવાળો એ પ્રદેશ હતો, એમાં ચૌદ ચેઢી હતી. એક ચેઢીમાં ૫૬૦ ગામો ગણાય, એટલે પારકર ૭૮૪૦ ગામો ધરાવતો પ્રદેશ હતો. ભૌગોલિક રીતે તેનો વિસ્તાર આ પ્રમાણે હતોઃ દક્ષિણે ભૂજ ૫૦ ગાઉ દૂર હતું, તેમાં ૪૦ ગાઉની હદ પારકરની હતી. રાણીગામ એ કાળે પારકરનું હતું. ઉમરકોટ ૮૦ ગાઉ દૂર હતું, તેમાં ૫૦ ગાઉની સિમા પારકરની હતી. ચૌહાણોનું સૂરાચંદ રાજ્ય ૪૨ ગાઉ દૂર હતું, તેમાં ૩૦ ગાઉ પારકરની ભૂમિ હતી. છહોટણ ૬૦ ગાઉ દૂર હતું, તેમાં ૬૦ ગાઉનો પ્રદેશ તો પારકરનો હતો. દક્ષિણ તરફ ચૌહાણોનું બાવસુઈ ૫૦ ગાઉ છેટે હતું, તેમાં ૨૭ ગાઉની હદ પારકરની હતી. પ્રાયઃ વિક્રમના ૧૬ મા શતકમાં

આવા સમૃદ્ધ પ્રદેશને મુસલમાન શાસકો ઘેરી વળ્યા અને તેને છિન્નભિન્ન કરી દીધો. વિક્રમના પંદરમા-સોળમાં સૈકામાં આઠેક હજાર ગામોની સંખ્યા ધરાવતો આ પ્રદેશ સોળમા સૈકાના અંતિમ ચરણમાં માત્ર ૧૪૦ ગામોનો જ પ્રદેશ બની ગયો !! આજની વાત કરીએ તો ભારતના નકશામાંથી ભૂંસાઇને તે પાકીસ્તાનની ગોદમાં ભરાઇ બેઠું છે. ગયે વર્ષે ભારત અને પાકીસ્તાન વચ્ચે યુદ્ધ ખેડાતાં નગરપારકરને ભારતના જવાનોએ જીતી લીધું. પરંતુ સમાધાન થતાં પુનઃ તે પાકીસ્તાનને સોંપાઇ ગયું !! આટલી સામાજિક તથા રાજકીય ઉથલપાથલ ભાગ્યે જ અન્ય કોઈ પ્રદેશે જોઈ હશે.

ટૂંકમાં, પારકરમાં હિન્દુસત્તાનો સૂરજ તપતો હતો ત્યારની આ વાત છે. મુસલમાનોના આક્રમણોથી બચવા ત્યાંના ઓસવાળો કચ્છ તરફ નાસી છૂટ્યા એ પહેલાના સૈકાની સોનેરી તવારીખનું અહીં ઉજળું પાનું તપાસીએ. અગાઉ જણાવી ગયા તેમ પારકરમાં રાણો ખેંગાર રાજ્ય કરતો હતો. તેના પ્રધાન તરીકે ઉક્ત કાજલ શાહ નિયુક્ત થયેલા. કાજલ શાહ પારકરના ધનાઢ્ય વેપારી પણ હતા. તેમણે પોતાના બનેવી મેઘા શાહને પોતાની પાસે નોકરીમાં રાખેલા. તેમને પાટણ સાથે મોટો વેપાર હોઇને મેઘા શાહને પાટણ પણ જવું પડતું. પાટણમાં આ કુટુંબ ઘણું રહેલું એવા ઉલ્લેખો પણ મળે છે. આગળ જણાવી ગયા તેમ પાટણમાં અનેક સ્થાનોના લોકો વસતા અને વેપાર કરતા. ભારતનાં અનેક નગરો સાથે પાટણ વેપાર કડીથી સંકડાયેલું હતું.

મંત્રી કાજલ શાહને તેના બનેવી મેઘા શાહ સાથે ઘણો મનમેળ હતો. સ્નેહભાવમાં શેઠ-નોકર જેવો સંબંધ ન રહે એ સ્વાભાવિક છે. એકવાર મેઘા શાહ કાજલ શાહ પાસેથી પૈસાની મદદ લઇને પાટણમાં વ્યાપારાર્થે ગયા. પાટણમાં તેમણે

કાપડ, અનાજ–કરીઆણાં, તથા ઘર–વપરાશની ચીજ–વસ્તુઓ આદિની ખરીદી કરી. એક દિવસ રાત્રે તેને સ્વપ્નમાં સૂચન મળ્યું કે “અહીંના સૂબા હુસનખાન(હીસામુદ્દીન)ને ત્યાં જિન–પ્રતિમા છે, તેને દામ આપીને તું લઈ લેજે” મેઘા શાહે સ્વપ્નાનુસાર ૧૨૫ દ્રમ્મ–અથવા ૫૦૦ દોકડા આપીને તે પ્રતિમાને મેળવી લીધી.

અંચલગચ્છાધિપતિ અમરસાગરસૂરિના આધ્યાત્મિક શાસનમાં વાચક લક્ષ્મીચંદ્રના શિષ્ય લાવણ્યચંદ્રે વિ. સં. ૧૭૩૪ ની આસપાસ “શ્રી ગોડીપાર્શ્વનાથ ચોઢાળિયું” રચ્યું છે. તેમાં આ પ્રતિમા વિશે એવું જણાવાયું છે કે અંચલગચ્છાચાર્ય અભયસિંહસૂરિના ઉપદેશથી મેઘા શાહના પિતા ખેતા શાહે વિ. સં. ૧૪૩૨ ના ફાગણ શુદિ ૨ ને શુક્રવારે પાટણમાં શ્રી ગોડીપાર્શ્વનાથની પ્રતિમાની ઘણું ધન ખરચીને ઉત્સાહ-પૂર્વક પ્રતિષ્ઠા કરાવી હતી. તે વખતે મુસલમાનોના ઝનૂની આક્રમણોના ભયને લીધે તે પ્રતિમાને વિ. સં. ૧૪૪૫ માં જમીનમાં ભંડારી દેવામાં આવેલી. વિ સં. ૧૪૬૫ માં હુસેનખાન નામના સરદારે પાટણ સર કર્યું. તેની ઘોડસારમાં ખીલો ખેડાવા જતાં તે પ્રતિમાજી પ્રકટ થયાં. પ્રતિમાજીની સુંદરતા જોઈને હુસેનખાન પ્રભાવિત થયો. તેણે તેને પોતાના મહેલમાં મૂકાવી. તેની બીબી, જે મૂળ જૈન વણિકની કન્યા હતી, તે તેનું પૂજન કરવા લાગી. આ રીતે ઠેઠ વિ. સં. ૧૪૭૦ સુધી તે પ્રતિમાજી હુસેનખાનના મહેલમાં પૂજાતાં રહ્યાં.

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે શ્રી પાર્શ્વનાથજીના અધિષ્ઠાયકે હુસનખાનને પણ સ્વપ્નમાં સૂચવ્યું કે તારે તે પ્રતિમાજીને સવાસો દ્રમ્મ લઈને મેઘા શાહને આપવી. પ્રભાતે મેઘા શાહ પોતાને મળેલા સ્વપ્ન–સંકેત અનુસાર તે પ્રતિમાજીને પ્રાપ્ત કરી લીધી. એ સમયે અંચલગચ્છા-

ધિપતિ મેરુતુંગસૂરિ પાટણમાં બિરાજતા હતા. મેઘા શાહે તેમને તે પ્રતિમા બતાવીને બધો વૃત્તાંત કહી સાંભળાવ્યો. મેરુતુંગસૂરિ પ્રતિમાજીના દર્શન કરીને હર્ષિત થયા. તેમણે મેઘા શાહને કહ્યું કે "આ શ્રી ગોડીજીપાર્શ્વનાથજીની મહા પ્રભાવક પ્રાચીન પ્રતિમા છે. તેને તમારા પારકર દેશમાં લઈ જાઓ. ત્યાં પ્રાસાદ બંધાવીને આ પ્રતિમાજીનું સ્થાપન કરવાથી તે અતિશયવંત તીર્થરૂપ થશે." મેરુતુંગસૂરિની પ્રેરણાથી મેઘા શાહ તે પ્રતિમાજીને પોતાના વતનમાં વિ. સં. ૧૪૭૦ માં લાવ્યા. એ વખતે મેઘા શાહના મનમાં અનેક ઉમેદો હતી.

ઉક્ત ચોઢાળિયામાં એવું વર્ણન છે કે મેઘા શાહે તે પ્રતિમાને રૂની ગાંસડીમાં મૂકાવેલી. રાધનપુર થઈને મેઘા શાહ પોઠો ઉપર બધો માલ ભરીને પોતાના વતન ભણી હર્ષભેર પ્રયાણ કરે છે. માર્ગમાં ચમત્કારિક પ્રતિમાજીના પ્રભાવથી તેની પોઠોને કોઈ ગણી શકયું નહિ. મતલબ કે એને કયાંયે દાણ ભરવું પડયું નહિ !

ઘેર પહોંચતાં કાજલ શાહે બધો હિસાબ માગ્યો. મેઘા શાહે બધો હિસાબ આપીને પ્રતિમા મેળવવા માટે ખરચેલી રકમ પોતાને ખાતે માંડવાનું કહે છે. કાજલ શાહને પ્રતિમા ગમી જતાં તેને પોતાની પાસે રાખવાની તેને ઇચ્છા જાગેલી. આ પ્રભાવક પ્રતિમાની વાત થોડા દિવસોમાં જ સમગ્ર પારકરમાં ફેલાઇ ગઈ હોવાથી અનેક લોકો પ્રતિમાજીના દર્શનાર્થે આવવા લાગ્યા. મેઘા શાહે પ્રતિમાજીને પોતાના ઘરમાં જ સ્થાપ્યાં હતાં, જે એક તીર્થમાં ફેરવાઇ ગયું. આમ મેઘા શાહની કીર્તિ પ્રતિદિન વધતી ચાલી કાજલ શાહથી આ સહન ન થઇ શકયું. મેઘા શાહ અને કાજલ શાહ વચ્ચે અંટસ જાગી. પહેલા જેવો સ્નેહભાવ ન રહેતાં નોકર-શેઠ જેવા સધંબંને નાતે તેઓ વહેવાર કરવા લાગ્યા. કાજલ શાહે આર્થિક દબાણ

હેઠળ મેઘા શાહને ખૂબ ખૂબ સમજાવ્યા. પણ તેઓ એકના બે ન થયા. બન્ને વચ્ચેની રકઝકે તકરારનું રૂપ લીધું. કાજલ શાહને પ્રતિમાજીને પોતાની પાસે રાખવાની ઘણી ઈચ્છા હતી, પણ મેઘા શાહની મક્કમતા પાસે કાંઈ ચાલી શકયું નહિ. તેથી તેને મેઘા શાહ સાથે વેર બંધાયું. બાર વર્ષો સુધી આમ ચાલ્યું. એ દરમિયાન મેઘા શાહને મઈઓ અને મહેરો નામે બે પુત્રો પણ થયા.

કાજલ શાહ પારકરના ધનાઢ્ય વેપારી હતા. વળી રાજ્યમાં મંત્રીપદે પણ હતા. આવી પ્રભાવશાળી વ્યક્તિ સાથે વેર બંધાયું હોવાથી અહીં સુખશાંતિથી હવે ઝાઝું રહી શકાશે નહિ એમ વિચારીને મેઘા શાહે ત્યાંથી ઉચાળા ભરવાનું નક્કી કરી નાખ્યું. એ સમયે મેઘા શાહની આર્થિક સ્થિતિ સારી કહી શકાય એવી નહોતી. છતાં એમના આદર્શો ઊંચા હતા. એમના જીવનમાં એક જ મહેચ્છા હતી અને તે શ્રી ગોડીજીતીર્થ-સ્થાપનાની. મહિમાનિધિ મેરુતુંગસૂરિના શબ્દો તે ભૂલી શકે એમ નહોતો. આ કાર્યમાં એ યુગપ્રધાન આચાર્યના આશીર્વાદ પણ તેને મળ્યા હતા.

પ્રમાણગ્રન્થોમાં ઉલ્લેખ છે કે એક રાતે શ્રી ગોડીજીની પ્રભાવક પ્રતિમાજીને અજાણ્યા સ્થળે લઈ જવાનું મેઘા શાહને સ્વપ્નમાં સૂચન મળ્યું અને તે અનુસાર એમણે સવારે વહેલા ઉઠીને એક વહેલમાં તે પ્રતિમાને પધરાવી, વહેલને બે નવાં વાછરડાં જોતરી અજાણ્યા સ્થળ તરફ જવા પ્રયાણ આદર્યું. મેઘા શાહ આગળ વધતાં ડાબા થલમાં જઈ પહોંચ્યા. ત્યાં ચારે બાજુએ નિર્જન વેરાન હતું. ત્યાં તેમણે સ્વપ્નના સંકેતાનુસાર ગોડીપુરનગર વસાવ્યું. ત્યાં મીઠા પાણીનો કૂવો નીકળ્યો. ખોદકામ કરતાં મીઠા આંકડા નીચેથી મેઘા શાહને ધનનું મોટું નિધાન પ્રાપ્ત થયું. ત્યાં ગહૂંલીનું શુભ ચિહ્ન હતું.

મેઘા શાહે તે સ્થાને જ સ્વપ્નમાં મળેલા સૂચન અનુસાર જિનપ્રાસાદનો પાયો નાખ્યો. સદ્ભાગ્યે તેની પાસે જ પથ્થરની ખાણ પણ નિકળી જમીનમાંથી એમને ઘણું ધન પ્રાપ્ત થયું હોવાથી હવે એમને આર્થિક સંકડામણ નહોતી. સિરોહીના સલાટે જિનપ્રાસાદનું કામ ભક્તિથી ઉપાડી લીધું. મેઘા શાહની કીર્તિ ચારે તરફ ફેલાવા લાગી. આથી કાજલ શાહની ઇર્ષ્યા બેવડાઈ.

મેઘા શાહે જ્યાં જિનપ્રાસાદનો પાયો નાખ્યો ત્યાં વેરાન વગડો જ હતો. એ ભૂમિ પર ઠાકુર ઉદયપાલનું રાજ્યશાસન હતું, ખેતશી લુણોત રાજાનો મંત્રી હતો. મેઘા શાહની કીર્તિ સાંભળીને બેઉએ એમને હૈયાધારણ આપી અને રાજ્ય તરફથી બધી સુવિધાઓ કરાવી આપી. મેઘા શાહનો રાજાએ ઘણો સત્કાર કર્યો. એટલે મેઘા શાહનો ઉત્સાહ ઘણો વધ્યો. જિનાલયનું ખાતમુહૂર્ત ક્યારે થયું તે વિશે નક્કી જાણી શકાતું નથી. પરંતુ વિ. સં. ૧૪૮૨ માં થયું એ વિશે પ્રમાણ-ગ્રન્થોમાંથી ઉલ્લેખો મળી આવે છે. જિનપ્રાસાદનું મોટા ભાગનું કામ પૂર્ણ થઇ ચૂક્યું હતું ત્યાં જ મેઘા શાહનું વિ. સં. ૧૪૯૪ માં અકાળ મૃત્યુ થયું. એમનું મૃત્યુ કાજલ શાહના કપટથી થયું એવા ઉલ્લેખો પણ મળે છે. કાજલ શાહે પોતાની પુત્રીનાં લગ્નમાં મેઘા શાહના આખા કુટુંબને પોતાને ત્યાં બોલાવ્યું અને મેઘા શાહને દૂધમાં ઝેર આપીને મારી નંખાવ્યો.

કાજલ શાહે પોતાના બેઉ ભાણેજો મહિયા અને મહેરાને પોતાની પાસે રાખીને જિનપ્રાસાદનું અવિશિષ્ટ કાર્ય પુનઃ શરૂ કરાવ્યું. અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે કાજલ શાહે જિનાલયના આગળના ભાગનો રંગમંડપ કરાવી આપ્યો. જિનાલયને ફરતી ચોવિસ દેવકુલિકાઓ ત્યાંના સંઘે

કરાવી પછી તો બીજી દેવકુલિકાઓની પણ રચના થઈ. વિ. સં. ૧૪૯૫ માં કામ સંપૂર્ણ થયું અન્ય પ્રમાણો અનુસાર કામ વિ. સં. ૧૫૧૫ માં પૂર્ણ થયું.

કવિ રૂપ કૃત "ગોડીપાર્શ્વનાથ છંદ"ની પ્રતપુષ્પિકામાં આ તીર્થની ઉત્પત્તિ સંબંધમાં મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ છે, જે આ પ્રમાણે છેઃ "સંવત્ ૧૪૩૧ ફાગણ શુદિ ૨ શુક્રવારે શ્રી પાટણનગરે શ્રી ગોડીજીની પ્રતિમા શેઠ મિઠડીઆ વોહરા સા૦ મેઘા ખેતાંણી પ્રતિમા ભરાણી છે. શ્રી આંચલીઇ ગચ્છે શ્રી મેરુતુંગસૂરીઈં પ્રતિષ્ઠિતં. સં. ૧૪૫૫ સમૈં ભંડારી. સં. ૧૪૭૦ ગોઠી મેઘૈં ખેતાંણી પાટણથી પારકર લે આયા. સં. ૧૪૮૨ દેહેરો કરાવ્યો. સં. ૧૫૧૫ દેહરો પૂરો થયો. ગોઠી મેહરો મેઘાંણી ઇંડું ચઢાયો ઇતિ શ્રેયં."

ડૉ. ભાંડારકરે અંચલગચ્છની એક પટ્ટાવલી પોતાના રિપોર્ટમાં પ્રકાશિત કરી છે, તેમાં પણ આ તીર્થના સંબંધમાં મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ છેઃ "વિ. ૧૪૩૨ ગોડીપાર્શ્વનાથબિંબ પ્રતિષ્ઠા અભસિંહસૂરીણા પત્તને અંચલગણે. વો૦ ખેતાકેન. તદનું વિક્રમાત્ ૧૪૩૫ ગોઠી મેઘાકેન ગોડાગ્રામે સ્થાપિત સ્વનામ્ના" (જુઓઃ "અંચલગચ્છ–દિગ્દર્શન" પૃ. ૧૮૯)

પરિશિષ્ટમાં આપેલ ચોઢાળિયા દ્વારા જાણી શકાય છે કે શિખર ઉપર ધ્વજારોપણ કરતી વખતે કાજલ શાહ અને મેઘા શાહના પુત્ર મેહરા વચ્ચે ક્લેશ થયો. ધ્વજારોપણ કરવાના કાજલ શાહના કોડ પણ પૂરા થયા નહિ. અન્ય પ્રમાણોમાં એવો ઉલ્લેખ છે કે કાજલ શાહે મૂલનાયકજીના બિંબની પ્રતિષ્ઠા કરાવી અને મેંહરાએ ધ્વજારોપણ કર્યું. એ પછી કાજલ શાહે શ્રી શત્રુંજય અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો.

આ રીતે શ્રી ગોડીજીપાર્શ્વનાથના મહા ચમત્કારિક અને પ્રભાવક તીર્થનો આવિંભાવ થયો. ત્યાંના ઠાકોરે તીર્થને મુંડકાવેરામાંથી મુક્ત રાખ્યું. મેઘાના સંતાનો આ જિનાલયની દેખરેખ રાખતા હોવાથી તેઓ ગોષ્ઠી-ગોઠી તરીકે ઓળખાયા.

આ જિનબિંબની પ્રાચીનતા સંબંધમાં કહેવાય છે કે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વિ. સં. ૧૨૨૮ માં પાટણમાં થયેલી અંજનશલાકા પ્રસંગે સ્વહસ્તે જે ત્રણ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી હતી તેમાંનું આ એક બિંબ. અન્ય બે બિંબો છે મહેમદાવાદમાં અને તારંગામાં. પં૦ નેમવિજય દ્વારા રચિત "ગોડીજીપાર્શ્વનાથ સ્તવન" (ઢાળ પંદર, રચના વિ. સં. ૧૮૦૭, ભાદરવા શુદિ ૧૩ ને સોમવારે) માં આ સંબંધમાં આ પ્રમાણે ઉલ્લેખ છે—

ધવલ ધીંગ ગોડી ધણી, સહુકો આવે સંગ;
મહેમદાવાદે મોટકો, તારંગે નવરંગ.

વડોદરાના શ્રેષ્ઠી કાનજી વસોએ ઉક્ત પ્રસંગે એ ત્રણેય જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવેલી. કાલાનુક્રમે ગોડીજીની પ્રતિમા ઝીંઝુવાડાના શેઠ ગોડીદાસના ગૃહચૈત્યમાં પૂજાતી હતી. એકવાર દુકાળ પડવાથી ગોડીદાસ માલવા ગયેલા. ત્યાંથી પાછા ફરતાં માર્ગમાં સિંહ નામના કોળીએ એમનું ખૂન કરેલું. આની જાણ થતાં ગોડીદાસના મિત્ર સોઢાજી ઝાલાએ કોળીને મારી નાખ્યો. કહેવાય છે કે ગોડીદાસ મરીને પોતાની શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાનો અધિષ્ઠાયક બનીને તેની પૂજા-ભક્તિ કરવા લાગ્યો. તેના નામ પરથી આ પ્રતિમા ગોડીપાર્શ્વનાથના નામથી વિખ્યાત થઈ. આ થઈ પ્રતિમાજીના નામાભિકરણની આખ્યાયિકા. કિન્તુ પ્રસ્તુત ચોઢાળિયા પરથી તો સ્પષ્ટ થાય છે કે શ્રી ગોડીજીની પ્રતિમાની પ્રતિષ્ઠા અંચલ-

ગચ્છાધિપતિ મહેન્દ્રપ્રભસૂરિના શાખાચાર્ય અભયસિંહસૂરિના ઉપદેશથી થઈ હતી. તીર્થોત્પત્તિ મેરુતુંગસૂરિની પ્રેરણાથી થઈ.

શ્રી ગોડીજીપાર્શ્વનાથની પ્રતિમા છેલ્લા પાંચ સૈકાઓમાં બહુ પ્રભાવશાળી મનાય છે. આ પ્રતિમા લુપ્ત થતી અને જુદે જુદે સ્થળે પ્રકટ થતી રહેતી. તેની યાત્રાએ મોટા મોટા સંઘો આવતા હતા. કચ્છી શ્રેષ્ઠીવર્યોએ તો તીર્થસંઘોની પરંપરા સર્જી. આ પ્રતિમાને જે રસ્તે થઈ નગરપારકર લઈ ગયા તે સ્થાનોમાં શ્રી ગોડીજીનાં પગલાં સ્થાપન થયાં, જે આજે 'વરખડી' નામથી ઓળખાય છે. મૂળ તીર્થની સ્થાપના થયા પછી તેનો મહિમા ખૂબ ખૂબ ગવાયો છે. શ્રી ગોડીજીના ચમત્કારોની અનેકાનેક વાતો લોકોમાં પ્રચલિત બની. ગઈ શતાબ્દીમાં શેઠ મોતી શાહ જેવા શ્રેષ્ઠીઓ શ્રી ગોડીજીનું નામ–સ્મરણ કરીને બધાં કાર્યોનો આરંભ કરતા. હિસાબી ચોપડાઓમાં પણ શ્રી ગોડીજીનું નામ શિરોભાગમાં લખવામાં આવતું. જૈનેતરો પણ શ્રી ગોડીજીની માનતા કરતા થયા. અંગ્રેજો પણ આ તીર્થના પ્રભાવથી આકર્ષાઇને ત્યાં દર્શનાર્થે જવા પ્રેરાયેલા, જેનો શિલાલેખમાં પણ ઉલ્લેખ છે. અંચલગચ્છની તવારીખમાં તો આ તીર્થનો પ્રાદુર્ભાવ એક શકવર્તી ઘટના ગણાઇ છે. અંચલગચ્છના સાહિત્યકારોએ "થરના ઠાકુર"નો મહિમા ખૂબ ખૂબ ગાયો, કેમ કે તેમના માટે તો એ તીર્થ આસ્થાના પરમ ધામ જેવું હતું. આવા પ્રભાવક તીર્થનું પ્રાકટ્ય ફરી ફરી થજો એ જ અભ્યર્થના.

— अस्तु —

## —: પરિશિષ્ટ :—

### શ્રી ગોડીપાર્શ્વનાથનું ચોઢાળિયું

પાસ જિણંદ પ્રસિદ્ધ સિદ્ધ, ગોડીપુર મંડણ;
મહિમા મંદિર મોહ મયણ, મિથ્યાત વિહંડણ;
એકલ મલ્લ અનેક રૂપ, અગણિત ગુણ આગર;
ત્રિભુવન બંધવ ધવલ ધિંગ, કરુણા રસ-સાગર. ૧

જિન તુમ અજબ સરૂપ સકલ, કલ અકલ અગોચર;
ન લહે અલહે ઉતપતિ થગિત, થિતિ ભટકે જો ચર;
વૃદ્ધ વચન જીરણ લિખિત, અનુસારેં જાણી;
થુણસું સ્વામી નિરીહપણેં, સુણજો ભવિ પ્રાણી. ૨

વિધિપક્ષગચ્છ મહેન્દ્રસૂરિ, ગચ્છેશ નિદેશે;
શાખાચારજ અભયસિંહ, સૂરિ ઉપદેશેં;
ગોત્ર મીઠડીયા ઓસવંશ, પાટણપુર વાસી;
શાહ મેઘો જેણેં સાત ધાત, જિણ ધર્મેં વાસી. ૩

ચૌદ બત્રીશેં ફાગણ શુદિ, બીજ ને ભૃગુવારેં;
ખેતા નોડી તાત માત, નિજ સુકૃત સારે;
તેણેં પઈઠો પાસ બિંબ, લેહવા નરભવ ફલ;
ચઉવ્વિહ સંઘ હજૂર હરખેં, ખરચી ધન પરિગલ, ૪

ભક્તિ યુક્તિ અતિ થકિત ચિત્ત, નિત્ય નિર્મલ સારી;
પણ પિસતાલે તુરક ભયેં, પ્રતિમા ભંડારી;
મલક મહાબલ હુસનખાન, કીધો ઉતારો;
પાંસઠે તેણેં ઠામ જોર ગુજરાતી વારો. ૫

તરલ તુરંગ કિશોર અસુર, કરતા હય હણતા;
કેઈ એરાકી ઉછલંત, ખુરીયેં ભૂંઈ ખણતા;

આંધણ ત્યાંહિ ઘોડારમાંહિ, ખીલી ખોસંતાં;
પ્રગટ થયા તિહાં પાસ બિંબ, સુખદાયક સંતા. ૬

ખિજમત ગાર નફર ફજર, નજરેં ગુજરાવે
હોઈ ખુશાલ નિહાલ મલક, યા કોણ કહેલાવે;
બાન પડિલ કોઈ વણિક સુતા, તસુ હુરમ ભણે ઈમ;
કીજેં ઈસકૂ દંડવત્ત, સદા તાજિમ દાજિમ; ૭

યહ મજબૂત બહુત કૌત, હૈ બૂત હિંદુકા;
ધરિયેં ઈસ શિર જાફરાંન, સિંદલકા ભૂકા;
ઇણી પરેં રહેતાં તિણેં ઠામ, વોહોલ્યા દિન કેઈ;
સિંતેરે જે વાત હુઈ, સુણજો મન દેઈ. ૮

## ઢાલ પહેલી

ચૂનડીની દેશીમાં

ઇણે અવસરેં પુર પારકરેં, રાણો ખેંગાર રાજાન રે;
તેહને દરબારેં દીપતો, સંઘવી કાજલ પરધાન રે; ઇણે૦ ૧

તસ બન્હેવી નિજ કુલતિલો, દેવાણંદ શા છે દયાલ રે;
મેઘો ખેતા ઉત પાટણે, વ્યાપાર કરે ધૂતાલ રે. ઇણે૦ ૨

સુપનાંતર સુર કહે શાહને, છે મ્લેચ્છ મહોલ જિનબિંબ રે.
તસ દામ સવાસો દેઇને, લેજો મ કરજો વિલંબ રે. ઇણે૦ ૩

પ્રતિમા લેઈ આવે ગુરુ કન્હે, જોઈ કહે શ્રી મેરુતુંગ રે;
તુમ દેશેં એ અતિ અતિશયી, તીરથ થાશે ઉત્તંગ રે. ઇણે૦ ૪

કરિયાણું લઈ પોહોંચે ઘરેં, મૂરતિ ઠવે રૂ માંહે રે;
પંથે કોઈન ગણે પોઠીઆ, વાધ્યો ઘણો મોહ ઉચ્છાહેં રે. ઇણે૦ ૫

સમજાવે નામું શેઠને જંપે દેઓ મુઝ રાસ રે;
માંડો એ નામેં માહરે, પ્રતિમા રહેશે અમ પાસ રે. ઇણે૦ ૬

મેઘો કહે લેખો રાખશું, પણ તે સબલો તિણ ઠામ રે;
ગાડું ભરી ચાલે થલ દિશે, વાસો વસે ગોડી ગામ રે. ઈણે૦ ૭

સુહણે સુર કહે ગહુંલી જિહા, માંડો પ્રાસાદ મંડાણ રે;
નાણું તિહાં ઘણું શ્રીફલતલેં, મીઠું જલપાહાણનીખાણ રે. ઈણે૦ ૮

## ઢાલ બીજી

નિંદ્રડી વેરણ હુઈ રહી · એ દેશી

હાંજી ઉદયપાલ ઠાકુર તિહાં, જોરાવર હો ખેતશી લૂંણોત કે;
ઈહાં રહો નિરભય શાહજી, આદરશું હો કહે દેઈ મહોત કે;
ધન ધન ગોડી જગ ધણી, પુહવી પાલે હો પ્રાજો જસ પીઠ કે. ૧

આવે શિલાટ દેશાંતરી, યક્ષ પ્રેર્યો હો કરે પ્રથમ તૈયાર કે;
ભૂમિ કરું પ્રભુ બેસવા, રહે ચિહું દિશિ હો લશકર હુશિયાર કે. ૨

પુખતી બંધાવી પીઠિકા, વર દિવસે હો જાણી અહિનાણ કે;
સખર ગંભારો શિખરશું, મધ્ય મંડપ હો સવિ મોક્ષ મંડાણ કે. ૩

પબાસણે બેઠા પાસજી, ભરેઊ કરી હો પૂજે ભલે ભાવ કે;
સજલ મધુર જલ લહકતી, વરદાયી હો બંધાવી વાવ કે. ૪

એહવે ચઉદ ચોરાણુંયે, આયુયોગે હો કર્યો મેઘે કાલ કે;
ભાણેજો આણી ઘરે, કાજલશા હો કરે ચૈત્યની ચાલ કે. ૫

રંગ મંડપ રચના બની, અતિ ઊંચા હો થંભ ઠામોઠામે કે;
કોડે કરાવે કોડણી, વિત વાવરી હો થિર કીધું છે નામ કે. ૬

વલી રે મહાજનના સહાયશું, મેઘાના હો સુત ચલાવે કામ કે;
મુખ્ય મંડપ શુભ માંડણી, કરી જિનહર હો છોબંધ અભિરામ કે. ૭

ચોવીશવટ્ટો પંચાણુંએ, તેણે થાપ્યો હો આગલ રહી જેહ કે;
ચોવીશ ગોત્રની દેહરી, મહાજનની હો ફરતી છે તેહ કે. ૮

## ઢાલ ત્રીજી

ઘરણા ઢોલા : એ દેશી

ઈણી પરેં વર્ત્તે એહુને રે, માંહોમાંહે વિવાદ,
ગિરુઓ ગોડી, ગોડી ગાજેજી જિણંદ;
તેજેં દીપેજી દિણંદ, જગ મહિમા અગમ અપાર ગિરુ૦
પણ સરખા રાખે પ્રભુ રે, વધવા ન દે વિષવાદ. ગિરુ૦ ૧
બનેવી મહોટા હુશે રે, એ છે પૂજક પ્રાય; ગિરુ૦
મેઘાનાં સંતત હજી રે, તેણેં ગોઠી કહેવાય. ગિરુ૦ ૨
શિખર દંડ વડી ધ્વજા રે, ચઢતાં કરે રે કલેશ; ગિરુ૦
આજ લગેં છે એહને રે, ઈમ બહુ વચન વિશેષ. ગિરુ૦ ૩
અંગુલી બાંધી એકઠી રે, પૂજન લીજેં કદાપ; ગિરુ૦
ઠાકુર લે નહીં મુંડકું રે, એ બિહુનું અદ્યાપ. ગિરુ૦ ૪
ઉદયવંત અતિ ઊજલા રે, વિધિપક્ષ શ્રાવક બેહુ; ગિરુ૦
તેખદાર દિલ દોલતી રે, પ્રભુજી શું પૂરણ નેહ. ગિરુ૦ ૫
સમકિત ધારી જાગતો રે, ધિંગ ધવલ ધર ધીર; ગિરુ૦
સાહ્ય કરી આગલ રહ્યો રે. ખગધર ખેતલવીર. ગિરુ૦ ૬
અધિકું ઓછું જે કહ્યું રે, તે ખમજો મહારાજ; ગિરુ૦
ઠેકાણા બંધ પણ ખરી રે, વાત છે ગરિબ નિવાજ. ગિરુ૦ ૭
પહેલાં તવન ભણ્યાં ઘણાં રે, તિહાં જાજા સંવાદ; ગિરુ૦
સજ્જન સાચો સદ્દ હજો રે, શ્યો રે જૂઠામાં સવાદ; ગિરુ૦ ૮

## ઢાલ ચોથી

રાગ ધન્યાશ્રી અથવા અશાવરી

જયો જયો ગોડીપાસ જિનેસર, ભક્તવત્સલ ભગવાન રે;
દેવલ બારને બીજી રે પ્રતિમા, વિષમા થલવિચ થાન રે. જયો૦ ૧

આયુધ ધારી નીલે ઘોડે, આપ થઈ અસવાર રે;
કિહાં રે બાલક અવધૂત ભુયંગમ, દેખાડે દીદાર રે. જયો૦ ૨

આવે સંઘ અનેક વિદેશી, નિરુપમ મહિમા માટ રે;
ચોર ચરડનું કાંઈ ન ચાલે, વિઘ્ન નિવારે વાટ રે. જયો૦ ૩

જંગલ ભૂલ્યા રાત્રે જાત્રુ, તતક્ષણુ લેતાં નામ રે;
દીવી રે ધરી માર્ગ દેખાડે, મૂકે ચિંતિત ઠામ રે. જયો૦ ૪

દરિયા વિચમાં વહાણુ ડોલંતા, સમરંતા દિયે સાદ રે;
સયલ અસુર સુર નરવર સેવે, નવિ લોપે મરજાદ રે. જયો૦ ૫

વિષહર વૈરી વ્યાધિ વૈશ્વાનર, ભય ભાંજે હરિ ભ્રાંત રે;
પ્રાયેં કેહને અધિક ન રાખે, પંચ દિવસ ઉપરાંત રે. જયો૦ ૬

આ ભવેં વંછિત સકલ હોવે પણુ, કર્મ નિબિડબંધ કોય રે;
ધ્યાન શુદ્ધેં સમકિત નિર્મલતા, સ્વર્ગ મુગતિ ફલ હોય રે. જયો૦ ૭

દ્રવ્ય ભાવ વિધિ પૂજો પ્રણુમો, નામ જપો નરનાર રે;
સ્તવન ભણો મદમત્સર મૂકી, ઉત્પત્તિ સાચી મન ધાર રે. જયો૦ ૮

**ક....લ....શ**

ઈમ થુણ્યો ગોડી પાસ સ્વામી, હુકમ પામી જેહનો,
દિશ દિશ પસરતો અરતિ હરતો, પ્રગટ પરતો જેહનો;
શ્રી અમરસાગરસૂરિ અંચલ-ગચ્છપતિરાઉ પસાઉલે;
પયનમી લખમીચંદ વાચક, શિષ્ય લાવણ્ય ઈમ ભણે.

**ઇતિશ્રી ગોડી પારસનાથજીનું ચોઢાલિયું સંપૂર્ણ.**